આપણું પોતાનું અખબાર

માનવજાત પાસે એક બ્રહ્માસ્ત્ર છે અને તે છે 'હાસ્ય'
- માર્ક ટ્વેઇન

# ગાંધીનગર સમાચાર




વર્ષ : (૨૭) અંક નં. ૬૨ | ૧૨ મે ૨૦૧૨, શનિવાર, વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# સ્વચ્છતાના મામલે મનપા ગંભીર

## ગાંધીનગર શહેરને વધુ સ્વચ્છ બનાવવા વન વિભાગ અને ગુડા સાથે ચર્ચા વિચારણા કરી ઘનિષ્ઠ આયોજન કરવાનો પ્રસ્તાવ

ગાંધીનગર, તા.૧૧

સ્વચ્છ અને સ્વસ્થ ગાંધીનગરના નિર્માણ માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ ગંભીરતાપૂર્વક આ દિશામાં આગળ વધવાના નિર્ણય સાથે મહાનગરપાલિકાને જે વિભાગો નિયત નથી કરાયા તેમની સાથે પરામર્શ કરી તાકીદે કાર્યવાહી કરવા આજે સ્થાયી સમિતિની બેઠકમાં ખાસ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.

મનપાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ પ્રસ્તાવ પ્રમુખ સ્થાનેથી પસાર કરવામાં આવ્યો હતો. છેલ્લી ૧૦થી પણ વધુ સ્થાયી સમિતિની બેઠકોમાં સ્વચ્છતા પર કાઉન્સીલરોએ તડાપીટ બોલાવ્યા બાદ આજે આ મુદ્દે પ્રમુખસ્થાનેથી પ્રસ્તાવ લાવી પસાર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરની સ્વચ્છતા નિયમિત થાય તેમજ તેના સ્વચ્છતાના ધોરણો ઊંચા રહે તેની ચિંતા આજની બેઠકમાં વ્યકત કરી આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. કોંગી કાઉન્સીલર શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

આ પ્રસ્તાવમાં ગુડા અને વન વિભાગ તેમજ દબાણ તંત્રને ગંદકી માટે જવાબદાર ગણી આ સત્તાવાળાઓ સાથે તાત્કાલિક પરામર્શ કરવા માટે કમિશનરશ્રીને જણાવવામાં આવ્યું છે.

આ પ્રસ્તાવમાં જણાવાયા મુજબ જાહેર માર્ગો પર પડી રહેલી ડેબ્રીઝ ગુડા દ્વારા હટાવવામાં આવતી નથી એટલું જ નહિ આ ડેબ્રીઝને કારણે સફાઈનું કામ કરવામાં પણ તે અડચણરૂપ બને છે. ડેબ્રીઝ ન હટાવાય ત્યાં સુધી બી.યુ. પરમીશન આપવી જોઈએ નહિ તેવી કડક હિમાયત પણ આ પ્રસ્તાવમાં કરવામાં આવી છે. તેમજ બી.યુ. પરમીશન આપવામાં થતા વિલંબને નિવારવા માટે સત્તા મંડળ કાર્યવાહી ઝડપી બનાવે તેમ પણ સલાહ અપાઈ છે.

આ પ્રસ્તાવમાં જાહેર માર્ગો પર વાહન રીપેરીંગની શરૂ કરાયેલ આડેધડ ગેરેજો અંગે દબાણ તંત્રને દોષિત ઠેરવતાં તાત્કાલિક અસરકારક પગલાં ભરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે.

વન વિભાગ દ્વારા પણ તેની હદમાં થયેલા દબાણો અંગે તાકીદે કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે. આ માટે આ વિભાગોને લેખિતમાં જાણ કરવા કમિશનરને ભલામણ કરવામાં આવી છે.

# શાસકો નિષ્ફળતાઓ છુપાવવા બીજાને જવાબદાર ના ઠેરવે : ભાજપ

## સેક્ટરોની આંતરિક સફાઈ તેમજ જાહેર માર્ગોની સ્વચ્છતા જાળવો : કચરાપેટીઓ નિયમિત ઉઠાવવા માંગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતાનો મુદ્દો હવે રાજકીય લડતનો મુદ્દો બની ગયો છે. શાસક અને વિપક્ષ આ મુદ્દે સામ સામે આવી ગયા છે. જો કે સ્વચ્છતાના મુદ્દે તંત્રએ બે દિવસ પૂર્વે જ આક્રમક વલણ અખત્યાર કર્યું છે હવે વહીવટીય પાંખે પોતાની નિષ્ફળતાને છુપાવવા માટે અન્ય તંત્રોને દોષિત ઠેરવવાનો પ્રયાસ કર્યો છે.

વિપક્ષના કાઉન્સીલરો શ્રી આશિષ દવે, શ્રી કાર્તિક પટેલ, શ્રી સુરેશ મહેતા, શ્રી પ્રકાશ પટેલ, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાએ આજે સ્થાયી સમિતિની બેઠકમાં પસાર કરાયેલા આ પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં ન આવી અને માત્ર વાંચન કરી પસાર કરવામાં આવ્યો હોવાથી તેની પાછળ રાજકીય બદઈરાદાની શંકાઓ વ્યક્ત કરી છે.

આ કાઉન્સીલરોએ જણાવ્યું છે કે જે કામગીરી આપણે કરવાની છે તેમાં નિષ્ફળ ગયા છીએ તેનો એકરાર કરવાને બદલે અન્યોને દોષિત ઠેરવવાનો પ્રયાસ યોગ્ય નથી.

સેક્ટરોમાં આંતરિક સફાઈ થતી નથી. જાહેર માર્ગોની સ્વચ્છતા જળવાતી નથી. કચરાપેટીઓ નિયમિત રીતે લીફ્ટ કરી ડમ્પીંગ સાઈટ સુધી લઈ જવાતી નથી તે વિશે કેમ કંઈ ઉલ્લેખ આ પ્રસ્તાવમાં કરાયો નથી તેવો અણિવાળો સવાલ આ કાઉન્સીલરોએ ઉઠાવ્યો છે.

આ કાઉન્સીલરોએ જાહેરમાં કચરો બાળવાની કામગીરીનો પણ વિરોધ કર્યો છે અને તંત્રને આ મુદ્દે વારંવાર રજુઆતો કર્યા પછી પણ સફાઈની નક્કર કામગીરી થતી નથી તે અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

તેમણે જણાવ્યું છે કે સ્વચ્છતાની કામગીરીનું મોનીટરીંગ સત્તાધીશો કરી શકતા નથી અને જે રીતે સઘનીકરણ કરવુ જોઈએ તે કરી શકતા નથી એટલે અન્યો પર દોષનો ટોપલો ઢોળી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.



રાજકીય ક્ષેત્રમાં ગાંધીનગરનું નામ આમ તો અગ્રેસર કહી શકાય ના પણ આ નગરમાં ધબકતુ જનજીવન અને એમાંય એનો રમત-ગમત પ્રત્યેનો શોખ ધરાવતા લોકોની સંખ્યા પણ મોટી છે. અહિ સે. ૨૧ના જીમખાના ગ્રાઉન્ડ પર ક્રિકેટના સમર અને વિન્ટર કોચીંગ કેમ્પોનું આયોજન પણ થાય છે તો બેડમિન્ટન, ટેનીસ, તરણ, સ્કેટીંગ સહિતના પણ સારા મેદાનો છે. ગાંધીનગર સે. ૨૧ ખાતેના ક્રિકેટ મેદાન પર આજથી રિલાયન્સ ઈન્ટર ડીસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટનો આરંભ થયો છે. રાજ્યસ્તરની આ ટુર્નામેન્ટના આરંભ સમયે લેવાયેલી તસવીર. **(તસવીર : દિપક જાની)**

# સ્થાયી સમિતિના ચેરમેન તરીકે પ્રવિણ પટેલની પુનઃ વરણી કરાઈ

## વિટકોસ સામે શરતભંગની કાર્યવાહી કરવા પસાર કરાયેલો પ્રસ્તાવ : અશ્વિન વ્યાસ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન તરીકે પુનઃ એક વર્ષની મુદત માટે શ્રી પ્રવિણ પટેલની આજે નિયુક્તી કરવામાં આવી છે.



આજે કોર્પોરેશનની સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં પુનઃ એક વર્ષ માટે નિયુક્તી કરવાની સાથે ગત સામાન્ય સભામાં નિયુક્ત થયેલા સભ્યો પણ આજની બેઠકમાં હાજર રહ્યા હતા.

આજે મળેલ બેઠકમાં ઈ.ગવર્નન્સ હેઠળ ચાર જેટલા નવા સોફ્ટવેર ખરીદી જનસેવા કેન્દ્રના આધુનિકરણ અને નવીનીકરણ પર ભાર મુકતા નિર્ણયો કરવામાં આવ્યા હતા.

આજની આ બેઠકમાં એજન્ડા પર દર્શાવાયેલ કન્ટેઈનર લીફટીંગ એન્ડ ડિસ્પોઝ બેટ ડમ્પીંગ સાઈડનો મુદ્દો આગામી બેઠક સુધી મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ જ બેઠકમાં વિટકોસ દ્વારા સંચાલન કરવામાં આવતી સીટી બસ સેવા

● અનુસંધાન પાન-૬ પર

# સ્વચ્છતાના મુદ્દે સે. ૨૧માં નોટીસ અપાઈ

## આગામી દિવસોમાં સિલીંગ એક્ટ હેઠળ કાનૂની પગલાં લેવામાં આવશે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા બાબતે સેનેટરી ઈન્સ્પેક્ટરની વારંવારની ચેતવણીઓ પછી પણ ધ્યાન ના અપાતાં સે. ૨૧માં સાબરમતી ગેસ કંપનીના સત્તાધીશોને લીગલ નોટીસ ફટકારી છે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું છે કે સ્વચ્છતા અભિયાન આગામી દિવસો વધુ સઘન બનાવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે જાહેર માર્ગો પર પણ ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરતાં હવે તંત્ર અચકાશે નહિ. તેમણે જણાવ્યું હતું કે દંડની રકમમાં વધારો કરવા માટે સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવી છે પણ હજુ સુધી તેને બહાલી અપાઈ નથી તે દુઃખદ છે.

તેમણે જણાવ્યું છે કે ઘ-૫ થી ઘ-૬ તેમજ સ્વર્ણીમ પાર્ક વિસ્તારમાં આડેધડ કચરો ફેંકનારાઓ અને ગંદકી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતુ કે કેટલાક વિસ્તારોમાં ગંદકી અંગે વારંવાર દંડ ફટકારવામાં આવ્યા છે તેમજ સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા મૌખિક ચેતવણીઓ અપાઈ છે. આમ છતાં આ પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી રહી છે તેની ગંભીર નોંધ લેવામાં આવી છે. આગામી દિવસોમાં સિલીંગ એક્ટ હેઠળ આ સામે પગલાં ભરવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે. ફૂટપાથો જાહેર માર્ગોને સાંકળતી બનાવવામાં આવી હોવાથી વરસાદી પાણીનો ભરાવો થવાની શક્યતાને ધ્યાને રાખી તંત્રને ઝડપથી કામગીરી કરવા અને વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી અસરકારક ગોઠવવા પણ જણાવવામાં આવ્યું છે.


**જોઈએ છે**

**સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.**
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

**૧) ડ્રાઈવર કમ પ્યૂન** : ધોરણ-૮થી વધુ ભણેલ
**૨) સેલ્સ ગર્લ** : લેડીઝ ગારમેન્ટ શૉ-રૂમ માટે
**૩) પ્યૂન** : ધોરણ-૮થી વધુ ભણેલ

**બાયોડેટા સાથે રૂબરૂ મળો.**

**તા. ૧૪-૫-૨૦૧૨, સોમવાર ● સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦**




**કામધેનુ સ્ટીલ ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ**

